GJJN010011972026

દાખલ તારીખ –૧૭–૦૬–૨૦૨૬
રજી. તારીખ – ૧૭–૦૬–૨૦૨૬
ફેસલ તારીખ –૦૩–૦૯–૨૦૨૬
સમય ગાળો : વર્ષ માસ: દિવસ:
૦૦ – ૦૨ – ૧૭

## જૂનાગઢના પાંચમાં એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : જૂનાગઢ

**ફોજદારી પરચુરણ અરજી નં. ૪૯૦/૨૦૨૬.**

**આંક :–૦૬**

ધી ગુજ. સ્ટેટ કો.ઓ. એગ્રી. એન્ડ રૂરલ ડે. બેંક લી.
જૂનાગઢના ઓથો. પર્સન.
મહેશકુમાર ડી. જાડેજા,
ઉ.વ. ૫૯, રહે. શીશુમંગલ પાસે, જૂનાગઢ. **અરજદાર.**

**–:: વિ રૂ ધ્ધ ::–**

જશુભાઇ દડુભાઇ ગોહિલ,
રહે. સનખડા,
તા. ઉના જી. ગીરસોમનાથ. **સામાવાળા.**

બાબત : લીમીટેશન એકટની કલમ–૫ મુજબ ડીલે કોન્ડોન મંજુર કરવા અંગે..

| | |
|---|---|
| અરજદાર તરફે | : વિ.વકીલશ્રી કે. પી. પંડયા. |
| સામાવાળા તરફે | : વિ. વકીલશ્રી વી. પી. મેસવાણીયા. |

**– :: ઠ રા વ ::–**

(૧) સદરહુ અરજીથી અરજદારે, વિ. પાંચમાં જયુડી. મેજી.ફ. ક. કોર્ટ, જૂનાગઢના ફોજ. કેસ નં. ૨૬૩૦/૨૦૧૮ ના કામે તા.૧૮–૦૩–૨૦૨૬ ના રોજ કરેલ હુકમની સામે અપીલ દાખલ કરવામાં

૮૯–દિવસનો વિલંબ થયેલ હોય વિલંબ માફ કરવા અરજ કરેલ છે.

(૨) વિલંબ માટેના કારણો અરજીમાં દર્શાવેલ મુજબ સમગ્ર કેસની કાર્યવાહી પૂર્ણ થયા બાદ જુનાગઢના પાંચમા એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટે તા.૧૮/૦૩/૨૦૨૬ના રોજ હાલના રીસ્પોન્ડન્ટ/આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો વિવાદીત હુકમ કરેલ, જે હુકમ સામે અપીલ દાખલ કરેલ છે. જે અપીલ નિયત ૩૦ દિવસની મુદતમાં કરવાની હોવા છતાં, ફરિયાદી બેંકમાં અપીલ કરવી કે નહીં તે અંગેનો નિર્ણય જુદી જુદી શાખાઓ મારફતે હેડ ઓફિસ, અમદાવાદ ખાતે લેવાતો હોવાથી તથા નિર્ણય પ્રાપ્ત થયા બાદ વકીલની નિમણૂક કરી અપીલની કાર્યવાહી હાથ ધરવામાં સમય લાગતા અને જાહેર રજાઓ તથા વહીવટી પ્રક્રિયાના કારણે અપીલ દાખલ કરવામાં વિલંબ થયેલ છે. વડી કચેરી દ્વારા અપીલ દાખલ કરવાનો નિર્ણય થતાં હાલની અરજી સાથે અપીલ મેમો રજૂ કરવામાં આવેલ છે અને અપીલના કારણો જોતા અપીલમાં સફળ થવાની પૂરતી શક્યતાઓ હોવાથી થયેલ વિલંબને દરગુજર કરી અપીલ રજીસ્ટર લેવા અરજ કરેલ છે.

(૩) સદરહુ કામે સામાવાળાને નોટીસ કરતા સામાવાળા તરફે વિ. વકીલશ્રી વી. પી. મેસવાણીયા હાજર થયેલા છે.

(૪) અરજદાર તરફે વિ. વકીલશ્રી કે. પી. પંડયાને સાંભળવામાં આવેલ છે અને તેઓએ તેમની અરજી મુજબની રજુઆત કરેલ છે.

(૫) જ્યારે સામાવાળા તરફે તેમના વિ. વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) બન્નેના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી, રેકર્ડ વંચાણે લીધુ. અરજદાર તરફે અપીલ દાખલ કરવામાં થયેલ વિલંબ અંગેના કારણોમાં

ફરિયાદી બેંકમાં અપીલ કરવી કે નહીં તે અંગેનો નિર્ણય જુદી જુદી શાખાઓ મારફતે હેડ ઓફિસ, અમદાવાદ ખાતે લેવાતો હોવાથી તથા નિર્ણય પ્રાપ્ત થયા બાદ વકીલની નિમણૂંક કરી અપીલની કાર્યવાહી હાથ ધરવામાં સમય લાગતા વહીવટી પ્રક્રિયાના કારણે અપીલ દાખલ કરવામાં ૮૯–દિવસનો વિલંબ થયેલ છે જે માફ કરવા અરજ કરેલ છે. ત્યારે વિવિધ ઉચ્ચ અદાલતોએ વિલંબથી અપીલ દાખલ કરતા સમયે વિલંબ અરજીમાં વધુ હાઈપર ટેકનીકલ ન થઈ ઉદાર અભિગમ અપનાવવો જોઈએ અને અપીલ તે કાયદેસરનો હકક છે તેવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે ત્યારે આ હાથ ઉપરના કેસમાં પણ વિલંબ થયા અંગેનુ જે કારણ દર્શાવેલ છે તે ધ્યાને લેતા અપીલએ કાયદેસરનો હકક છે ત્યારે નામદાર ઉચ્ચ અદાલતોએ વિવિધ કેસોમાં વિલંબ સબંધેની આ પ્રકારની અરજીમાં ઉદાર અભિગમ અપનાવવો જોઈએ તેવુ ઠરાવેલ છે તે સિધ્ધાંત ધ્યાને રાખી અરજદારને તેઓની વિરૂધ્ધ થયેલ હુકમને પડકારવા માટે અને રજુઆત કરવા માટે પુરતી તક મળે તે હેતુથી ન્યાયના હીતમાં થયેલ વિલંબ રજુ કારણો ધ્યાને લેતા કોસ્ટ સાથે વિલંબ માફ કરવો ઉચિત જણાય છે. વધુમાં કાયદાની જોગવાઈ મુજબ અપીલની જોગવાઈ હોય અને અપીલ એ કાયદેસરનો હકક હોય ત્યારે ઉપરોકત ચર્ચાના અંતે અરજી પરત્વે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

(૧) હાલની અરજી ''મંજુર'' કરવામાં આવે છે.

(ર) અરજદારે હાલની અરજીની કોસ્ટ પેટે જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, જૂનાગઢના કોસ્ટ ફંડમાં રૂા.૨,૫૦૦/– (અંકે રૂપિયા બે હજાર પાંચસો પુરા) જમા કરાવ્યેથી વિલંબ માફ કરવાની અરજી મંજુર કરવામાં આવે છે.

(૩) અરજદાર/એપેલેન્ટ તર્ફે કોસ્ટની રકમ ભરપાઈ થયેથી ક્રિમીનલ

અપીલ રજીસ્ટરે નોંધવી.

હુકમ આજ તા. ૦૩ જી, માહે–સપ્ટેમ્બર, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી, જાહેર કર્યો.

જૂનાગઢ.

તા.૦૩–૦૯–૨૦૨૬.

**( હિતેષકુમાર ગીરીશભાઈ દામોદ્રા)**
પાંચમા એડી. સેશન્સ જજ
જૂનાગઢ
(કોડ નં.જીજે.–૦૧૦૦૫)